## જન્મદિને વધામણી

**શૈલેષભાઈ પંડ્યા**
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ
નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫

**ઈનાયતઅલી એન સૈયદ**
ટ્રસ્ટી, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

**મુકેશ દવે**
અગ્રણી - બ્રહ્મસમાજ

**ભારતીબેન હેમંતભાઈ પોપટ**
ફોન : ૨૩૨૩૯૧૨૭

**હિરલ રિતેશ સોની**
મો. ૯૪૨૯૪ ૦૫૭૦૪

**પાર્થ મહેશકુમાર જાની**
મો. ૯૮૭૯૪ ૭૨૫૫૩

**યેશા સોની**

**હેત કેતનકુમાર ત્રિવેદી**
મો. ૯૪૨૬૬ ૩૦૬૫૨

# એશિયાના સૌથી લાંબા બીચ ફેસ્ટીવલનો દિવ ખાતે પ્રારંભ

ગાંધીનગર, તા. ૩

સમગ્ર એશિયાના સૌથી લાંબા એવા 'દિવ બીચ ફેસ્ટીવલ'નો પ્રારંભ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે કરવામાં આવ્યો હતો.

સમગ્ર દીવને આ મહોત્સવ નિમિત્તે દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. ઉદ્‌ઘાટન પ્રસંગે રાષ્ટ્રપતિએ 'ફેસ્ટા દ દિવ' નામક રંગારંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમને પણ માણ્યો હતો.

રાષ્ટ્રપતિએ નાગવા બીચ ખાતે આ ફેસ્ટીવલનો પ્રારંભ કરાવ્યો હતો. ૭૭ દિવસ સુધી ચાલનારા આ ફેસ્ટીવલને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસારવા માટે ખાસ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. દિવ-દમણના એડમીનીસ્ટ્રેટર આશિષ કુંદરાએ જણાવ્યું હતું કે ૧ ડિસેમ્બરથી ૧૫ ફેબ્રુઆરી એમ કુલ ૭૭ દિવસ ચાલનારો આ કાર્યક્રમ દિવના પ્રવાસન વિકાસ માટે એક નવા સીમાચિન્હરૂપ બની રહેશે. દિવ ખાતે ગત વર્ષે ૧૭ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. જોકે આ ફેસ્ટીવલ સાથે અમે આગામી કેલેન્ડર વર્ષમાં પ્રવાસીઓની સંખ્યા ૩૫ લાખે પહોંચશે એવી આશા રાખીએ છીએ. ફેસ્ટીવલના ઉદ્‌ઘાટન સમારોહમાં શોભા મુદગલના ક્લાસીકલ પર્ફોર્મન્સે સૌને મોહી લીધા હતાં. રાષ્ટ્રપતિએ દિવ દમણના એડમીનીસ્ટ્રેશનના દિવને મોર્ડન સાયકલ ટ્રેકથી સજ્જ કરવાના અને ૧૦૦ ટકા સોલાર પાવરથી ચાલતા કેન્દ્રશાસિત પ્રદેશ બનાવીને ક્લીન એક્ટીવ અને હેલ્ધી વાતાવરણ ઊભું કરતી ઓળખ આપવા બદલ દિવ અને દમણના એડમીનીસ્ટ્રેશનના વખાણ કર્યા હતા.

ફેસ્ટીવલમાં ૬૦ જેટલા લક્ઝરી બીચ ટેન્ટ, સ્પા, ફાઈવસ્ટાર ડાઈનિંગ, એડવેન્ચર સ્પોર્ટ્સ, મંઝી જંપીગ, ઝીપ લાઈન, હોટ એર બલૂનીંગ પ્રવાસીઓની સેવામાં ચાલુ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્રવાસીઓ માટે વર્કશોપ, કાર્નિવલ, જામ સેશન્સ, કોન્સર્ટ, ફેશન શો જેવા આકર્ષણ આ ફેસ્ટીવલ દરમ્યાન મૂકવામાં આવ્યાં છે. ૭૭ દિવસના આ ફેસ્ટીવલમાં ૧૪૦ લાઈવ ઈવેન્ટ સાથે ૩૦૦થી વધુ કલાકારોના પરફોર્મન્સ માણી શકાશે, જેમાં શ્રેયા ઘોષાલ, અંકિત તિવારી, મલાઈકા અરોરા ખાન, કૈલાશ ખેર, મિલીન્દ સોમન, ઈન્ડિયન ઓશન, હાર્દ કોર, નીરજ શ્રીધર, બેની ડયાલ, દર્શિલ સફારી અને અન્ય કલાકારો પ્રવાસીઓ માટે ખાસ કાર્યક્રમમાં હાજરી આપશે.

દેશભરના પ્રવાસીઓ માટે દર અઠવાડિયે થીમ જેવી કે દિવ લિબરેશન વિક, મ્યુઝીક વિક, ચિલ્ડ્રન વિક, ફેસ્ટીવ વિક, ફિટનેસ વિક, પાર્ટી વિક, આર્ટ વિક, કોમેડી એન્ડ થિયેટર વિક, યુથ વિક અને દિ સ્પેશિયલ વિક અંતર્ગત વિશેષ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમો ચાર ઝોનમાં જેમ કે કેવ, બીચ, દીવ ફોર્ટ અને એમ્ફિ થિયેટર ખાતે યોજવામાં આવશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫
**સ્ક્રીન-૩**
તમાશા
૩.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦
**સ્ક્રીન-૫**
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
**સ્ક્રીન-૬**
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

ખ્યાત રાજનીતિજ્ઞ

## પ્રો. ઝોયા હસનનું લોકશાહી અને અસમાનતા વિશે વ્યાખ્યાન

### અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના કન્વેન્શન હૉલ ખાતે આગામી પાંચમી ડિસેમ્બરે આયોજન

ગાંધીનગર, તા. ૩

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રનાં અધ્યાપક અને સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સીસના ડીન રહી ચૂકેલાં પ્રો. ઝોયા હસન યુનિવર્સિટીમાં સેન્ટર ફોર પોલિટિકલ સ્ટડીઝના અધ્યક્ષ અને પ્રોગ્રામ ફોર સ્ટડી ઓફ ડિસક્રિમીનેશન એન્ડ એક્સક્લુઝન તેમજ વિમેન્સ સ્ટડી પ્રોગ્રામના માનદ ડિરેક્ટર પણ હતાં. લઘુમતિઓ માટેના રાષ્ટ્રીય કમિશનનાં તેઓ ૨૦૦૬થી ૨૦૦૯ સુધી સભ્ય હતાં. હાલમાં તેઓ ઈન્ડિયન કાઉન્સીલ ઑફ સોશ્યલ સાયન્સ રિસર્ચમાં જવાહરલાલ નહેરૂ નેશનલ ફેલો છે. પ્રો. હસને ભારતના રાજકારણ, રાજકીય સંગઠન પ્રવૃત્તિ, પક્ષીય રાજકારણ અને સમાનતા તેમજ સામાજિક ન્યાય પણ ઘણાં પુસ્તકો પ્રકાશિત કર્યા છે. તેઓનું 'લોકશાહી અને ભારતમાં વધતી જતી અસમાનતા' વિષયે વ્યાખ્યાન આગામી તા. પાંચમી ડિસેમ્બર ને શનિવારના રોજ ઉમાશંકર જોષી સ્મૃતિ વ્યાખ્યાન કાર્યક્રમ અંતર્ગત એચ ટી પારેખ કન્વેન્શન હૉલ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે.

## યુનિવર્સલ સંસ્થા દ્વારા માઉન્ટ આબુ ખાતે એડવેન્ચર ટ્રેકિંગ કેમ્પ યોજાયો

### શહેરની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૩

શહેરની યુનિવર્સલ સંસ્થા દ્વારા માઉન્ટ આબુ ખાતે તાજેતરમાં એડવેન્ચર ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લઈ તાલીમ અને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

કેમ્પ દરમ્યાન તાલીમાર્થીઓને ટ્રેકિંગ, માઉન્ટેન વોક, જંગલ ટ્રેકિંગ, ક્લાઈમ્બિંગ, રેપલીંગ, કેવીંગ, રુટ ફાઈન્ડીંગ, કેમ્પ ફાયર, નાઈટ ટ્રેકીંગ, નાઈટ હોલ્ટ, વિવિધ એથ્લેટીક્સ, કલ્ચરલ પ્રોગ્રામ, સાઈટ સીઈંગ જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ સાથે જ તાલીમાર્થીઓએ પ્રકૃતિનો આનંદ પણ પ્રાપ્ત કર્યો હતો.

આવી પ્રવૃત્તિઓથી તાલીમાર્થી બાળકોમાં સાહસિકતાનો વિકાસ થયો હતો તથા તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને પણ બહાર આવવાનો મોકો મળ્યો હતો એવી માહિતી કેમ્પ ડિરેક્ટર જતીન દવે દ્વારા આપવામાં આવી છે.

## સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૩

ડૉ. બી આર આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિદ્ધાર્થ લૉ કૉલેજ ખાતે આજે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત પ્રૉ. પ્રીજુ ભાસ્કરે પોતાનું અસરકારક વક્તવ્ય આપ્યું હતું.

વિશ્વ વિકલાંગ દિવસનું મહત્ત્વ તેમજ વિકલાંગોની આજની પરિસ્થિતિ તેમજ તેમના વિશે સમાજ શું કરી શકે વગેરે બાબતો અંગે તેમણે આ પ્રવચનમાં વિશદ્ સમજૂતી પૂરી પાડી હતી.

વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ કૉલેજ સ્ટાફે આ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન પૂરું પાડ્યું હતું.

## ગાંધીનગરમાં નાગરિક સંરક્ષણ દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર શહેર-જિલ્લામાં નાગરિક સંરક્ષણ, નાયબ નિયંત્રક તથા જિલ્લા હોમગાર્ડ્સની કચેરીઓ અને યુનિટ્સ કાર્યરત છે અને મોટી સંખ્યામાં હોમગાર્ડ્સ તથા નાગરિક સંરક્ષણ દળના વોર્ડન્સ સેવાઓ આપી રહ્યા છે. તેના ભાગરૂપે નાગરિક સંરક્ષણ વિક દરમ્યાન થનાર કાર્યક્રમોના અનુસંધાને આજે સવારે ૭.૩૦ કલાકથી બંને એકમોના સંયુક્ત ઉપક્રમે રૂટમાર્ચનો કાર્યક્રમ હોમગાર્ડ્સના કે ડી રાજપૂત, પી એમ સોઢા, જી એમ પટેલ અને એન પી ભાટીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં હોમગાર્ડ્સના જવાનો, મહિલા હોમગાર્ડ્સની બહેનો જોડાઈ હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમના વોર્ડન એમ એમ રાઠોડ, અરૂણ બ્રુચ, દિક્ષિત પટેલ તથા અંજનાબેન નિમાવત અને મોટી સંખ્યામાં ટ્રાફિક બ્રિગેડ, નાગરિક સંરક્ષણ દળના સભ્યો જોડાયા હતા.

# શરણાગતિ અતિ દુષ્કર કર્મ છે

**સંસ્કાર ચિંતન**
અનંતરાય વ્યાસ

સર્વ ધર્મોત્યાજીને, તમામ કર્તવ્ય કર્મોનો ત્યાગ કરી તું કેવળ મુજ પરમાત્માના શરણમાં આવી જા. હું તને તમામ પાપોમાંથી મુક્તિ આપીશ, તું શોક ન કર.

-શ્રીમદ ભગવદ ગીતા : ૧૮/૬૬

ભક્તિયોગનું સારતત્ત્વ અહીં વ્યક્ત થયું છે. ગીતાજીનો આ કેન્દ્રવર્તી વિચાર છે. ઉપનિષદોના મહાવાક્ય જેમ જ્ઞાનગર્ભ છે તેમ આ શ્લોક પણ પરમ રહસ્ય છુપાવે છે. અહીં તો ખુદ પરમાત્માએ સ્પષ્ટ રીતે મુક્તિનો માર્ગ દર્શાવ્યો છે. ગીતાજી આપણા જ્ઞાન વાગ્મય સાહિત્યમાં જ્ઞાનની પ્રજ્વલિત જ્યોત સમાન છે. તમામ ઉપનિષદોનું સારામૃત તેમાં સંગ્રહિત થયેલું છે. ઉપનિષદોના સઘન અભ્યાસથી જે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે તે જ બ્રહ્મવિદ્યા અત્રે પીરસાઈ છે. અનેક અધ્યાયોમાં જ્ઞાનની વિપુલ પ્રશંસા કરવામાં આવી છે. ભગવાન શંકરાચાર્ય પણ કહે છે, 'જ્ઞાન વિના મુક્તિ નથી.'

ગીતા સાદા શબ્દોમાં તથા સરળ રીતે રહસ્ય જ પ્રગટ કરે છે. એ રહસ્યમય ગ્રંથ છે. સાદી હોવા છતાં વાણીમાં પરમ રહસ્ય ગૂઢ રીતે છુપાયેલું હોય છે. ગૂઢ કે ગૃહ્ય તત્ત્વની વિશદ છણાવટ ગીતામાં કરવામાં આવી છે.

ગીતામાં જેનો ઉલ્લેખ છે એ શરણાગતિ અતિ દુષ્કર કર્મ છે. બાહ્ય દેખાવ કે પછી સતત માળા ફેરવવી એ શરણાગતિ નથી. પરંતુ જીવનના તમામ કાર્યોમાં પરમ તત્ત્વની હાજરીનો અનુભવ કરવો, તેની ઈચ્છા પ્રમાણે જ કર્તવ્યકર્મો નિભાવવા, સ્વજાત વિવેક વડે સાધના ક્ષેત્રે તેના દોરવ્યા દોરવાવું એ જ શરણાગતિ છે. શરણાગત ભક્તને પોતાની કોઈ ઈચ્છા કે કામના હોતી નથી. એ પોતાની જાતને પરમાત્માની દાસ માને છે. નરસિંહ મહેતા 'વણમૂલે વેચી જાત' એમ કહે, કવિ દયારામ 'દાસ દયો' શબ્દ પ્રયોજે છે તો મીરાં પોતાને 'દાસી' ગણાવે છે. આ શરણાગતિ છે.

ગીતા કહે છે, લજ્જા, ભય, માન, મોટાઈ તથા આસક્તિને છોડીને, શરીર તથા સંસાર પરત્વે અહંતા-મમતા રહિત થઈને, કેવળ એક પરમાત્માને જ પરમ આશ્રય, પરમ ગતિ કે સર્વસ્વ સમજવા, શ્રદ્ધા ભક્તિ તથા પ્રેમભાવે નિરંતર પરમાત્માના નામરૂપનું ચિંતન કરવું, તેમની આજ્ઞાનુસાર જ કર્તવ્યકર્મો નિઃસ્વાર્થભાવે કરવા.

ગીતામાં સર્વ ધર્મનો ત્યાગ કરવાનું પણ કહેવાયું છે. અલબત્ત, અહીં ધર્મ એટલે પોતપોતાનો વર્ણાશ્રમ ધર્મ, જેમકે ગૃહસ્થ, બ્રાહ્મણધર્મ વગેરે. ગૃહસ્થ બ્રાહ્મણ ગૃહસ્થાશ્રમધર્મ સાથે બ્રહ્મકર્મ કરતો રહે તે તેના માટે શ્રેયસ્કર છે પણ જો તે ગૃહસ્થ હોવા છતાં સંન્યાસ ધર્મનું પાલન કરવા લાગે કે બ્રહ્મકર્મ છોડી ક્ષાત્રકર્મ અપનાવે તો તે હાનિકારક ગણાય. પરંતુ સાધક જેમ જેમ પોતાની સાધનામાં આગળ વધતો જાય તેમ તેમ તેના ચિત્તમાં ધર્મ વિષયક પ્રકાશ પથરાતો જાય, એ ધર્મનાં મૂળ તત્ત્વોને સમજવા લાગે. ત્યારે બાહ્ય ઉપકરણો આપોઆપ ખરવા લાગે. તે ધીમે ધીમે અંતસ્ય થતો જાય. એક સમય એવો આવે ત્યારે તમામ આવરણો હટી જાય. તેની તમામ માન્યતા છૂટી જાય. એક માત્ર પરમ તત્ત્વ વિષયક જ્ઞાન થતાં એ પૂર્ણતા પ્રાપ્ત કરે. આ છે સર્વ ધર્મ પરિત્યજ્યતા.

સ્વામી તદ્રુપાનંદજી સર્વ ધર્મ પરિત્યજ્યતાનો અર્થ જુદી રીતે સમજાવે છે. તેમના મંતવ્ય પ્રમાણે, ધર્મો તો દેહને હોય. દેહમાં શરીર, મન, ઈન્દ્રિયો તથા બુધ્ધિનો સમાવેશ થાય છે. આ તમામ અનાત્મા પદાર્થ અથવા તો જડ પદાર્થો છે. શરીરનાં ધર્મો જન્મ-જરા-વ્યાધિ-નામરૂપ-આકાર ઈત્યાદિ છે. મનનાં ધર્મોમાં સંકલ્પ-વિકલ્પ અને ચંચળતા છે. તો વિષય-ભોગ એ ઈન્દ્રિયોનાં ધર્મો છે. આ અનાત્માના તમામ ધર્મો છોડીને એટલે કે દેહસ્ય ભાવનો ત્યાગ કરી આત્માના શરણે જવાનું છે. કારણ આત્માને કોઈ ધર્મ નથી. અનાત્મ ભાવ છોડી આત્મભાવ પામવાની શીખ અહીં આપવામાં આવી છે.

આત્માના શરણે જવું એટલે આત્મ સ્વરૂપની ઓળખ કરવી. દરેક વ્યક્તિએ દરરોજ માત્ર દસ મિનિટ તદન મૌન રહી પોતાના આત્મા સાથે સંવાદ કરવો જોઈએ. આમ કરવાથી સ્વદોષ દર્શન તઈ શકે છે. આત્મ ચિંતન વડે પરમ તત્ત્વ પ્રત્યેની ભાવના જાગે છે. આ સેતુ વડે જ અજ્ઞાનના પ્રવાહને પાર કરી શકાય છે. જગદ્‌ગુરુ શંકરાચાર્ય કહે છે કે આત્મજ્ઞાન પામવું એ જ મોક્ષ છે. અને મોક્ષ કોઈ અન્ય સ્થાન કે સ્થળમાં નથી, પરમાત્માનાં ચરણોમાં જ મુક્તિ છે.